BRAMPTON
Flower City
brampton.ca

Service and Information Update

# આગામી સપ્તાહમાં શાળાઓ બંધ થવાના કિસ્સામાં સિટી ઓફ બ્રૅમ્પટન આખા દિવસના કૅમ્પની સવલત આપશે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (16 જાન્યુઆરી 2020) – 21 જાન્યુઆરી મંગળવારે શરૂ થતી એલિમેન્ટરી ટીચર્સ ફેડરેશન ઑફ ઓન્ટારિયો (ETFO) અને ઓન્ટારિયો ઇંગ્લિશ કૅથોલિક ટીચર્સ એસોસિએશન (OECTA) તેઓની ફરતી હડતાલોના પ્રસંગે સિટી ઓફ બ્રૅમ્પટન આખા બ્રૅમ્પટન શહેરમાં પસંદ કરેલ કમ્યુનિટી સેંટરોમાં સુલભ અને કિફાયતી આખા દિવસના કેમ્પની સવલત પૂરી પાડશે.

સિટી ઑફ બ્રૅમ્પટન શાળા-વય બાળકોનાં મહેનતી માતાપિતા અને પરિવારોને મદદરૂપ થવા પ્રતિબદ્ધ થશે.

તેવા દરેક દિવસે જ્યારે શાળાઓ બંધ હશે ત્યારે નીચેના સ્થળો પર ચાર વર્ષથી 13 વર્ષની વયના બાળકો માટે આખા દિવસનાં કેમ્પ ખોલાશે:

- બ્રૅમ્પટન સૉકર સેંટર (Brampton Soccer Centre)
- ગોર મેડોઝ કમ્યુનિટી સેંટર (Gore Meadows Community Centre)
- કેસી કેમ્પબેલ રિક્રિએશન સેંટર (Cassie Campbell Recreation Centre)
- ગ્રીનબ્રિઆર રિક્રિએશન સેંટર (Greenbriar Recreation Centre)

જેમ જેમ વધુ સ્થળો નક્કી થતા જાય તેમ તેમ અપડેટ્સ પૂરા પાડવામાં આવશે. www.brampton.ca/recreation પર ઓનલાઈન અદ્યતન કરેલ પ્રોગ્રામ માહિતી અને રજિસ્ટ્રેશન વિગતો ઉપલબ્ધ રહેશે .

કૃપા કરી નોંધી લેશો કે પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ/ડફરિન-પીલ કૅથોલિક ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડની શાળાઓ બંધ રહેવાના પ્રસંગે જ આખા દિવસના કેમ્પની સવલત પૂરી પાડવામાં આવશે.

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca

-30-

The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130